પરીક્ષા વિભાગ

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ(૩૭૦૦૧૫) ફોન નં. ૦૨૮૩૨–૨૩૭૩૦૦

web : www.kskvku.ac.in

## કચ્છ યુનિવર્સિટી દ્વારા પરીણામ જાહેર થયા બાદ પોતાની ઉત્તરવહીના રૂબરૂ અવલોકન માટેની માર્ગદર્શિકા. (સુધારા સાથે)

૧ વેબસાઈટ પર મુકેલ સમયપત્રક મુજબ વિદ્યાર્થીએ પોતે સ્વખર્ચે આવવાનું રહેશે.નિયત કરવામાં આવેલ સમયપત્રક બાદ ઉત્તરવહી બતાવવામાં આવશે નહી.

૨ ઉત્તરવહીના અવલોકન/ગુણ ચકાસણી માટે વિદ્યાર્થીને ૩૦ મિનિટનો સમય આપવામાં આવશે.

૩ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ધ્વારા નકકી કરવામાં આવેલ સ્થળપર સમયસર હાજર રહેવાનું રહેશે.વિદ્યાર્થી અંદરોઅંદર વાતચીત કરી શકશે નહી.

૪ વિદ્યાર્થી વર્ગખંડમાં પ્રવેશતા પહેલા કોઈ પણ પ્રકારના ડિજીટલ/ભૌતિક સામગ્રી સ્વજોખમે વર્ગખંડની બહાર રાખવાની રહેશે.

૫ વિદ્યાર્થીને કોઈપણ પ્રકારનો પ્રશ્ન હોય તો તે વર્ગખંડમાં અવલોકન વખતે ડીનશ્રીને જાણ કરવાની રહેશે.

૬ રૂબરૂ અવલોકન દરમ્યાન માત્ર નીચે મુજબની ક્ષતિ ધ્યાને લેવાશે.

**A.** ઉત્તરવહી ઉપર પરિક્ષક દ્વારા કરવામાં આવેલ ટોટલમાં ક્ષતિ.

B. પરીક્ષક દ્વારા પ્રશ્ન અનુસાર મુકવામાં આવેલ માર્ક્સના ટોટલ અને ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર મુકવામાં આવેલ ટોટલનો તફાવત.

**C.** કોઈ પ્રશ્ન તપાસવાનો બાકી હોય.

૭ વિદ્યાર્થી વર્ગખંડમાં પોતાની પેન લઈ જઈ શકશે નહી.

૮ વિદ્યાર્થીને ઉત્તરવહીના મૂલ્યાંકનમાં અસંતોષ હોય તો પુનઃ મૂલ્યાંકનનું **(Re-assessment)** ફોર્મ એક દિવસમાં જરૂરી આધારો સાથે પરીક્ષા વિભાગમાં ભરવાનું રહેશે.

૯ ઉત્તરવહીના રૂબરૂ અવલોકન (આર.ટ.આઈના ભાગ રૂપે)દરમ્યાન ઉત્તરવહી દિઠ **Rs.**૨૦/– અને પુનઃ મૂલ્યાંકન માટે **Rs.**૩૦૦/– ફી ભરવાની રહેશે.

૧૦ મેડિકલ ફેકલ્ટીમાં રૂબરૂ અવલોકન/મૂલ્યાંકન ઉત્તરવહી દિઠ Rs. ૨૦/– અને પુનઃ મૂલ્યાંકનના ઉત્તરવહી દિઠ Rs.૩૦૦૦/– પરીક્ષા વિભાગમાં ભરવાના રહેશે.

૧૧ નકકી કરેલ સમયપત્રક મુજબ જ વિદ્યાર્થી પોતે જ હાજર રહી શકશે.અન્ય વ્યકિત/વાલી હાજર રહી શકશે નહી.

૧૨ ઉત્તરવહી રૂમની બહાર લઈ જઈ શકાશે નહી.

૧૩ ઉત્તરવહીના રૂબરૂ અવલોકન માટે વિદ્યાર્થીએ માર્કશીટની નકલ/હોલ ટીકીટ/આઈ.કાર્ડ સાથે લાવવાનું રહેશે.

૧૪ https://www.kskvku.ac.in/admin/circular-files/371.pdf પરીપત્ર જોઈ લેવાનો રહેશે.

૧૫ રીઝલ્ટ નોટીફીકેશન દર્શાવવામાં આવેલ તારીખના ૧૦ દિવસની અંદર રૂબરૂ અવલોકન માટે અરજી કરવાની રહેશે.

૧૬. આર.ટી.આઈ એક્ટ,૨૦૦૫ના પ્રકરણ–૧ની કલમ નંબર–૨(જે)(આઈ) મુજબ દસ્તાવેજ/ઉત્તરવહીની તપાસ અન્વયે,જે વિદ્યાર્થી આર.ટી.આઈ હેઠળ ઉત્તરવહીનું અવલોકન કરવા માટે ઈચ્છા ધરાવે તે વિદ્યાર્થીએ રૂબરૂમાં હાજર રહી ઉત્તરવહીનું અવલોકન કરવાનું રહેશે.વધુમાં જણાવવાનુકે,ઉપર્યુક્ત નિયમાનુસાર હવેથી આર.ટી.આઈ હેઠળ વિદ્યાર્થી ઉત્તરવહીનું અવલોકન કરી શકશે,અને જો વિદ્યાર્થી ઈચ્છે તો પુનઃમુલ્યાકન થયા બાદ ૧૦ દિવસમાં આર.ટી.આઈ કરી ઉતરવહીની નકલ મેળવી શકશે.જેની સર્વે વિદ્યાર્થીઓએ નોધ લેવી.

૧૭ જરૂરી અપડેટ યુનિવર્સિટીની વેબસાઈટ પર સમયાંતરે વિદ્યાર્થીએ જોતા રહેવાનું રહેશે અને બંધનકર્તા રહેશે.

તા.૦૯/૦૫/૨૦૨૪

કુલસચિવ

કચ્છ યુનિવર્સિટી,ભુજ